# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૩૪ તા. ૩૦-૬-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટેઃ-

આથી તમામ મ્યુનિ.શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા ધો. ૬ થી ૮માં ગણિત અને વિજ્ઞાન ટેક્નોલોજી વિષયના અધ્યયનકાર્યને 'સ્માર્ટ લર્નિંગ પ્રોજેક્ટ' અંતર્ગત સમાવેશ કરેલ છે, તે બાબતથી સૌ વિદિત છો જ. 'સ્માર્ટ લર્નિંગ' કાર્યક્રમના અમલીકરણ બાબતે વિગતવાર પરિપત્ર નં.૩૧ તા.૨૩-૬-૧૫ થયેલ છે. ગણિત અને વિજ્ઞાનના અધ્યયન માટેના નૂતન પ્રકલ્પ 'સ્માર્ટ લર્નિંગ પ્રોજેક્ટ'નો શુભારંભ ગુજરાત રાજયના માન. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના અધ્યક્ષસ્થાને તા.૨-૭-૧૫ને ગુરૂવારના રોજ ટાગોર હૉલ, પાલડી ખાતે રાખવામાં આવેલ છે.

તા.૨-૭-૧૫ના રોજ સમગ્ર રાજયમાં મ્યુનિ. સ્કૂલ બોર્ડ, અમદાવાદ દ્વારા તૈયાર થયેલ વિડીયો લેશનનું પ્રસારણ ૧૦.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમ્યાન થનાર છે. તે પછી માન.મુખ્યમંત્રીશ્રી 'સ્માર્ટ લર્નિંગ પ્રોજેક્ટ'નો શુભારંભ કરી મનનીય પ્રવચન આપનાર છે. આ કાર્યક્રમને રાજ્યની તમામ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો નિહાળવાના છે.

આ કાર્યક્રમ સંદર્ભે સ્કૂલ બોર્ડની શાળાઓએ નીચે મુજબની કામગીરી બિનચૂક કરવાની રહેશે.

૧. બંને પાળીના તમામ મુખ્ય શિક્ષકોએ અને ગણિત-વિજ્ઞાનના તમામ શિક્ષકોએ ટાગોર હૉલ, પાલડી ખાતે ૯.૩૦ કલાકે ઉપસ્થિત રહેવું. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પોતાના ઝોનના સુપરવાઈઝરશ્રીઓને હાજર રિપોર્ટ આપવાનો રહેશે.

૨. બંને પાળીના પ્રથમ સિનીયર શિક્ષકે તા.૧-૭-૧૫ના રોજ જે તે શાળાના મુખ્ય શિક્ષકના પરામર્શમાં રહી બાયસેગ ચેનલ નં.૧૧નું તેમની શાળામાં પ્રસારણ સિગ્નલ ચેક કરવું. વાલીઓ, બાળકો અને એસ.એમ.સી. સભ્યોની બેઠક વ્યવસ્થા સુનિશ્ચિત કરી લેવી.

૩. તા.૨-૭-૧૫ના રોજ સવારપાળીના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ એસ.એમ.સી. સભ્યો અને વાલીઓ સહિત શાળામાં ૧૦.૦૦ થી ૧૨.૩૦ નું પ્રસારણ નિહાળવું. આ માટે પ્રથમ સિનીયર શિક્ષકે ઉચ્ચ પ્રાથમિકના શિક્ષકોને વર્ગ વ્યવસ્થામાં જોડવાના રહેશે.

૪. તા.૨-૭-૧૫ના રોજ બપોરપાળીના તમામ શિક્ષકોએ શાળામાં ઉપસ્થિત રહી ૧૦.૦૦ થી ૧૨.૩૦ નું પ્રસારણ નિહાળવું. ત્યારબાદ રાબેતા મુજબ શિક્ષણકાર્ય કરાવવું.

૫. તમામ અધિકારીશ્રીઓ, યુ.આર.સી.ઓ તેમજ સી.આર.સી.શ્રીઓએ તા.૨-૭-૧૫ના રોજ ૮.૦૦ કલાકે ટાગોર હૉલ, પાલડી ખાતે ઉપસ્થિત રહી સોંપેલ કામગીરી નિભાવવાની રહેશે

તા.૩૦-૬-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી